ગાંધીનગર સમાચાર
તા. ૪-૪-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

ઢંઢેરા મૌન કેમ છે?

ચૂંટણીની તારીખો નજીક આવી ગઈ હોવા છતાં અને પ્રારંભિક તબક્કાની ચૂંટણી માટે તો મતદાનની તારીખો હાથવેંતમાં હોવા છતાં ભારતીય જનતા પાર્ટી જેવા રાષ્ટ્રીય પક્ષનો ચૂંટણી ઢંઢેરો બહાર ન પડે તે શું સૂચવે છે? દિલ્હી રાજ્યની ચૂંટણી પૂરતો અલગ ચૂંટણી ઢંઢેરો ઉતાવળે બહાર પાડી દેવાયો છે, પરંતુ જે પાર્ટી દેશમાં સૌથી વધુ બેઠકો જીતવાના પ્રબળ દાવા સાથે આગળ વધી રહી છે એનો રાષ્ટ્રજોગ ચૂંટણી ઢંઢેરો અભેરાઈએ ચડાવી દેવાયો છે. કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાની રાહ જોઈ રહ્યા હોવાનું બહાનું પણ ચાલી શકે એમ નથી, કારણ કે કોંગ્રેસે એની પરંપરા મુજબ વિકાસ અને ગરીબલક્ષી ઢંઢેરાની જાહેરાત કરી દીધી છે. એ ઢંઢેરામાં એ જ જૂનાં-પુરાણાં ચૂંટણીવચનોની ભરમાર હોવાની ટીકા પણ ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાનપદના ઉમેદવારશ્રી નરેન્દ્ર મોદીથી લઈ પાર્ટીના અધિકૃત પ્રવક્તાઓ કરી ચૂક્યા છે. પરંતુ હજી એમણે પોતાનાં પત્તાં છાતીસરસાં જ રાખી મૂક્યાં છે. નરેન્દ્ર મોદી એકલા હાથે ભાજપની નૈયા પાર ઉતારવાના હોય એમ દેશમાં ખૂણે ખૂણે મોટી રેલીઓ યોજી બુલંદ અવાજે કોંગ્રેસની ઝાટકણી કાઢી રહ્યા છે. ચૂંટણી પહેલાં જ પોતે વડાપ્રધાન બની ગયા હોય એવા હાકલા પડકારા કરી રહેલા હિંદુ હૃદય સમ્રાટ પાસે કોઈ મુદ્દા જ ન હોય એમ એ સોનિયા-રાહુલ સામે તીખાં વાગ્બાણોનો વરસાદ વરસાવતા ફરે છે. કોઈપણ જગ્યાએ એમણે ભાજપના ઢંઢેરામાં અપાનાર વચનોની વાત કરી નથી. દરેક સ્થળે એ પોતાના તરફથી આગવાં વચનો આપી રહ્યા છે અને ભાજપનું જાણે સંપૂર્ણપણે મોદીકરણ થઈ ગયું હોય એવો માહોલ વરતાઈ રહ્યો છે. ગુજરાત મોડલની વાત એમણે પ્રત્યેક પ્રવચનોમાં આવે છે. લાલકૃષ્ણ અડવાણી જેવા વરિષ્ઠ નેતા પાસે ઢંઢેરાના કોઈ મુદ્દા નથી. બસ, એકવાર મોદીને વડાપ્રધાન બનાવી દો પછી જુઓ કે શું નથઈ શકય બની શકતું?- એવાં મોઘમ વિદ્યાનો કરીને એ ભવ્ય ભારતની સંઘની કલ્પના સાકાર થવાનું સપનું રમતું મૂકે છે. ભાજપ એનો અર્થનીતિ, ગરીબો અને ગામડા પ્રત્યેનો અભિગમ સ્પષ્ટ કરતું નથી. ઊલટાનું આ મુદ્દે કોંગ્રેસે સાઠ વર્ષ દરમિયાન જે નથી કર્યું તે પોતે સાઠ મહિનામાં કરી બતાવશે એવું લોલીપોપ ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર બધાને બતાવતા ફરે છે. સામાન્ય પ્રથા તો એવી છે કે પાર્ટી એનાં ચૂંટણીવચનો અને વિવિધ મુદ્દે એની નીતિની સ્પષ્ટતા કરતો ઢંઢેરો સમયસર પ્રજા સમક્ષ મૂકે. એના પ્રચારકો, સમર્થકો અને નેતાઓ આ મુદ્દાઓ અંગે ઊંડી ચર્ચા કરે. સામા પક્ષ કરતાં પોતે શું વધુ સારું કરી શકે એમ છે અને કઈ રીતે કરવા ધારે છે, એનો અંદાજ આપે. એને બદલે અત્યાર સુધી બધું જ મભલ ચાલતું રહ્યું છે તે ત્યાં સુધી કે ખુદ ઉમા ભારતી જેવાં વરિષ્ઠ ભાજપ નેતાને કહેવું પડ્યું કે મોદી કંઈ બહુ સારા વક્તા નથી! મુરલી મનોહર જોશી ભાજપની ઢંઢેરા સમિતિના ચેરમેન છે, જેટલી સહિત અન્ય અગ્રણીઓ પણ એ સમિતિમાં હશે. પરંતુ નારાજ મુરલી મનોહરને એમની વારાણસી બેઠક છોડીને કાનપુરની જોખમી બેઠક બઝાડી દેવાતાં એ રિસાયા છે. ઢંઢેરામાં રામમંદિર અને કાશ્મીર વિશેની ૩૭૦મી કલમનો પણ ઉલ્લેખ હશે એવું કલ્પી શકાય, કારણ કે જો હિંદુ મતોનું ધ્રુવીકરણ કરવું હશે તો આ મુદ્દાઓ ઉછાળ્યા વગર આરો કે ઓવારો નથી. પરંતુ સંઘના જ સર્વેક્ષણમાં મંદિર કરતાં વિકાસનો મુદ્દો આગળ હોવાનું તારણ નીકળ્યું હોય તો હિંદુત્વવાળા ઢંઢેરો બદલવો કે દબાવી રાખવો વધુ સલાહભર્યું લાગે. ભાજપના નેતાઓ આવી જ કોઈ અવઢવને કારણે એમનો ઢંઢેરો જારી કરવામાં વિલંબ કરી રહ્યા હોય એવું નથી લાગતું?

એલ.ડી.આર.પી.માં સ્પોર્ટસ ફેસ્ટ-૨૦૧૪

એલ.ડી.આર.પી. કોલેજમાં સ્પોર્ટસ ફેસ્ટ ૨૦૧૪ની ઉજવણી કરવામાં આવી. ઈલેકટ્રોનિકસ કોમ્યુનીકેશન, કોમ્પ્યુટર, સીવીલ ઈલેકટ્રીકલ, મીકેનીકલ, ઓટોમોબાઈલ્સ, ઈનફોર્મેશન ટેકનોલોજી એમ.બી.એ, એમ.સી.એ. ના વિદ્યાર્થીઓએ અલગ અલગ રમતો ક્રિકેટ, વોલીબોલ, ફુટબોલ, બેડમીન્ટન, ટેબલ ટેનિસ, ચેસ અને કેરમમાં ભાગ લીધો હતો. સમારંભમાં મુખ્ય અતિથિ વિશેષ પદે જગત કરાની અને બી.એસ.એફ.ના કમાન્ડર પ્રસાદ અને આચાર્યા ગાર્ગી રાજપરાએ હાજરી આપી હતી. યુનિવર્સિટીની ટીમમાં રમેલા ખેલાડીઓએ જયોત પ્રગટાવી હતી. દરેક વિભાગોમાં અલગ અલગ રમતોમાં વિજય બન્યા હતા.

ઉદ્યોગોની સલામતી અને સ્વાસ્થ અંગે ત્રિદિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

ગુજરાતના ઉદ્યોગોની સલામતી, સ્વાસ્થ અને સુરક્ષા ક્ષેત્રે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી છેલ્લા ૩૫ વર્ષથી ગુજરાત સેફટી કાઉન્સિલ કાર્યરત છે. સેફટી કાઉન્સિલ દ્વારા યુકેની ઈન્સ્ટીટ્યુશન ઓફ ઓક્યુપેશનલ સેફટી એન્ડ હેલ્થ સંસ્થા દ્વારા પ્રમાણિગત ચેન્નાઈની પ્રોટેક્ટ એકેડેમીના સહકારથી ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉદ્યોગોમાં સ્વાસ્થ, સલામતી અને જોખમોના પરીબળોને નિયંત્રણ કરનાર જવાબદાર અધિકારીઓને સલામતી વ્યવસ્થા પુરી પાડવી, જોખમો શોધીને તેનું નિયંત્રણ કરવું, જવાબદારીઓની સમજ કેળવવી, ઉદ્યોગોમાં થતા અકસ્માતોનું વિશ્લેષણ કરી તેના માટે સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા જેવા વિવિધ વિષયોને આવરી લેતી સઘન તાલીમ આ ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમમાં આપવામાં આવી હતી. સંસ્થાના માનદ્‌મંત્રી ડૉ. પી.ટી. શાહના માર્ગદર્શન હેઠળ કુલ ૨૫ તાલીમાર્થીઓએ આ કાર્યક્રમમાં સફળતાપૂર્વક તાલીમ મેળવી હતી. તાલીમના પુર્ણાહૂતિ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે જાણીતા વરીષ્ઠ ચાર્ટડ એકાઉન્ટન્ટ આર. એસ. પટેલે તેમના ઉદ્‌બોધનમાં ઉદ્યોગોમાં તેમજ આપણા રોજબરોજના જીવનમાં સલામતીની અગત્યતા સમજાવી હતી. તમામ તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

સંત નિરંકારી મિશનના સંત સમાગમ સેવાનો પ્રારંભ

સંત નિરંકારી મિશનના વડા સદ્‌ગુરુ બાબાહરદેવસિંહજી મહારાજના અધ્યક્ષપણામાં સંત સમાગમનું આયોજન રામકથા મેદાન પથિકાશ્રમ પાછળ મેદાન, સેકટર-૧૧ ખાતે તા. ૬ એપ્રિલના રોજ સાંજે સાડા પાંચ વાગ્યા થી નવ વાગ્યા દરમ્યાન કરવામાં આવનાર છે. નિરંકારી સેવાદલની પ્રાર્થના સંતનિરંકારી મંડળના ગાંધીનગર શાખાના પ્રમુખ કે.એસ. યુદ્ધના અધ્યક્ષ સ્થાને શરૂ કરેલ છે. ગાંધીનગર ઉપરાંત અમદાવાદના ભાઈ-બહેનોને ભાગ લેશે. વધુ જાણકારી માટે ૯૯૭૮૪૦૬૫૬૮ તથા ૯૮૯૯૦ ૧૨૬૯૨ પર સંપર્ક કરવા જણાવેલ છે.

૬૬મુ હિન્દી સાહિત્ય સંમેલન મુંબઈ ખાતે યોજાયું

ગાંધીનગર, તા. ૩

૬૬મું હિન્દી સાહિત્ય સંમેલન તા. ૨૮ થી ૩૦ માર્ચ દરમિયાન મુંબઈ વિશ્વ વિદ્યાલય કાલીના શાંતાકુંજ ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના હિન્દી-ગુજરાતી, કવિતા લેખક ગુલાબચંદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુંબઈ ખાતે યોજાયેલ ૬૬માં હિન્દી સાહિત્ય સંમેલનમાં સાહિત્યકારો, શિક્ષણવિદો, કવિઓ તેમજ હિન્દી રાષ્ટ્રીય પરિષદોના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ રાજન વેલુકર, ઉપ કુલપતિ, જે.એસ. સહારિયા, મુખ્ય સચિવ મહારાષ્ટ્ર અને લલ્લન તિવારી ઉપસ્થિત રહ્યા હતા.

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળના પ્રમુખ પદે વર્ષાબેન દવે સહિત હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૩

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ, ગાંધીનગરના વર્ષ ૨૦૧૪-૧૫ માટે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે સુશ્રી વર્ષાબેન દવે, મહામંત્રી તરીકે આર.એમ. રાણા, સહમંત્રી તરીકે ડાહ્યાભાઈ પટેલ અને બી.ડી. સેઈલર, ખજાનચી તરીકે જયેશભાઈ આચાર્ય, સલાહકાર તરીકે નિરંજનભાઈ પંડયા અને મોતીગીરી ગોસ્વામી તેમજ કારોબારી સભ્યોમાં કાલીદાસ પરમાર, હરિભાઈ રાઠોડ, પંઢરીનાથ જગતાપ, ચંદ્રકાંત ધનેશ્વર, મનસુખભાઈ બાબરિયા, પી.કે. શર્મા, નિરંજન ઓઝા અને લક્ષ્મણસિંહ રાજપુતની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

હરિની દૃષ્ટિ...

દરવાજે ચૂંટણી અધિકારી આવ્યા છે. પ્રજાની જેમ એમને ખોટા વચન ન આપશો. જે પૂછે એ સાચું જ કહેવું પડશે.

ગુજરાતમાં ૪૧ ટકા વિદ્યાર્થી વાંચી શકતા પણ નથી : સર્વે

અમદાવાદ, તા.૦૩

ભારતની શિક્ષણ વ્યવસ્થા સાવ ખાડે ગઈ છે. ચૂંટણી નજીક આવી છે ત્યારે તમામ રાજકીય પક્ષો મોટા-મોટા દાવા કરી રહ્યા છે, પરંતુ શિક્ષણ ક્ષેત્રે સુધાર માટે કોઈ પક્ષ દ્વારા સક્રિય પ્રયત્નો કરવામાં આવતા નથી. તેમાંય ખાસ કરીને ગુજરાતના વિકાસની આસમાની ચર્ચાઓ થઈ રહી છે, વાસ્તવિકતા એ છે કે અહીં ધોરણ-૩ થી ૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી ૪૧ ટકા એવા છે જે પહેલા ધોરણનું પાઠ્ય પુસ્તક પણ વાંચી શકતા નથી. ૩૨ ટકાને સરવાળા-બાદબાકી પણ આવડતા નથી.

રાઈટ ટુ એજ્યુકેશનના લક્ષ્યાંકો પુરા કરવા સરકારે સ્કુલ કોલેજોની આડેધડ પરવાનગી આપવાનું શરૂ કરી દીધું છે. તેના લીધે શાળા-કોલેજોનો રાફડો ફાટ્યો પણ બીજી બાજુ એટલા પ્રમાણમાં તાલીમબદ્ધ શિક્ષકો ન હોવાથી લાયકાત વિનાના લોકોની ઓંચા પગારે ભરતી કરી દેવાય છે. પરિણામે બાળકોને સારૂં શિક્ષણ ન હોવાથી લાયકાત વિનાના લોકોની ઓછા પગારે ભરતી કરી દેવાય છે. પરિણામે બાળકોને સારૂં શિક્ષણ મળતું નથી. જેનું તાજુ ઉદાહરણ ગુજરાતના ગામડાના વિદ્યાર્થીઓમાં કરવામાં આવેલા એએસઈઆર સર્વેમાં જાણવા મળ્યું છે. સર્વેમાં જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં ધોરણ-૬ થી ૮માં ભણતા વિદ્યાર્થીઓમાંથી ૩૨ ટકા ત્રીજા ધોરણનું પુસ્તક પણ વાંચી શકતા નથી. ધોરણ-૩ થી ૫ના ૬૮ ટકા વિદ્યાર્થીઓને સરવાળા-બાદબાકી અને ધોરણ-૩ થી ૫નાં ૭૩ ટકા વિદ્યાર્થીઓને ગુણાકાર-ભાગાકાર કરાત આવડતા નથી. ભારતની વાત કરીએ તો ભારતમાં ધોરણ-૩ થી ૫ના ૪૫ ટકા વિદ્યાર્થીઓ પહેલા ધોરણની ટેક્સટ બુક વાંચી શકતા નથી. જ્યારે સરવાળા-બાદબાકી ન આવતા હોય એવા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૦ ટકા છે. ધોરણ-૬ થી ૮ના ૩૪ ટકા વિદ્યાર્થીઓને ત્રીજા ધોરણના લેવલનું વાંચતા આવડતું નથી, જ્યારે ૬૧ ટકાને ગુણાકાર-ભાગાકાર કરતા આવડતું નથી. આ સર્વે પ્રમાણે મહારાષ્ટ્ર, હરિયાણા, કેરળ, આંધ્રપ્રદેશ અને પંજાબ શૈક્ષણિક સ્તરની બાબતમાં ગુજરાત કરાત આગળ છે.

પ્રત્યેક માતા સગર્ભા દરમિયાન પોતે ઈચ્છે તેવુ બાળક પ્રાપ્ત કરી શકે છે

ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં તેરમા સંશોધન કેન્દ્રનો શુભારંભ

ગાંધીનગર, તા. ૩

ચિલ્ડ્રન યુનિવર્સિટી સેક્ટર-૨૦માં તાજેતરમાં તેરમાં તપોવન સંશોધન કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં ૫૦ બહેનો ઉપસ્થિત રહી હતી.

નગરના સેક્ટર-૨૦ ખાતે ચિલ્ડ્રન યુનિવર્સિટી સ્થાપવામાં આવી છે. જેમાં બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય કરવામાં આવે છે. ત્યારે અહિંયા યુનિવર્સિટી દ્વારા તેરમાં તપોવન સંશોધન કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ દ્વારા કેન્દ્રને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે સગર્ભા મહિલાઓને સંબોધન કરતા કહ્યું હતું કે માતૃત્વએ સ્ત્રીને મળેલુ અમુલ્ય વરદાન છે. દરેક સગર્ભા માતા પોતે ઈચ્છે તેવું બાળક પ્રાપ્ત કરી શકે છે. પરંતુ એ માટે માતાએ તપશ્ચર્યા કરવી પડે છે.

વધુમાં કહ્યું હતું કે તપોવન અજન્મા શિશુની પાઠશાળા છે અને અહિં આવનાર સગર્ભા માતાને દરરોજ ત્રણ કલાક પ્રશિક્ષણ આપવામાં આવે છે. જેથી ગર્ભસ્થ શિશુ શારીરિક રીતે સ્વસ્થ, માનસિક અને બૌદ્ધિક રીતે તેજસ્વી બની ઉત્તમ મનુષ્ય બને છે. નગરની સગર્ભા મહિલાઓને શિક્ષણ મેળવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ચિલ્ડ્રન યુનિવર્સિટીના સલાહકાર જ્યોતિબહેન થાનકીએ તપોવનની વિભાવના અને કાર્યવાહીની સમજ આપી હતી. અતિથિ તરીકે ઉપસ્થિત આઈ.સી.ડી.એસ. પ્રોજેક્ટ ઓફિસર છાયાબેન ઉપાધ્યાય, રેખાબેન ભટ્ટે પણ મહિલાઓને સગર્ભા દરમિયાન રાખવાની સાવચેતી જણાવી હતી. નિવૃત્ત મેડીકલ ઓફિસર ડૉ. તન્ના કુદરતી પ્રસુતિ કઈ રીતે થઈ શકે તેનુ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

એલ.ડી.આર.પી.માં સેલ્ફ ડીફેન્સ કાર્યક્રમ

એલ.ડી.આર.પી.માં વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા વિદ્યાર્થીનીઓ માટે સેલ્ફ ડિફેન્સનો તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં વડોકાપ કરાટે, ડુ એકેટેમીના કોચ ગૌરાંગ રાણા દ્વારા ૧૫૦ વિદ્યાર્થિનીઓને ટ્રેનિંગ આપવામાં આવી હતી. ડેમોસ્ટ્રેશન દ્વારા અને મુખ્ય અતિથિ તેમજ વડોકોચ કરાટે ડુ એકેડમી ગુજરાતના ટેકનીકલ ડાયરેકટર ઓ.એન. સેથઈ, અરવિંદા રાણા, અતિથિ વિશેષ પદે જગત કરાણી, અનિલ પટેલના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતાં. આચાર્યા ડૉ. ગાર્ગી રાજપરાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો હતો. અંકિતા પરીખ, નિરીન વૈયના, કો-ઓર્ડીનેટર કૃતિ પટેલ, બેલા શ્રીમાળી, પ્રિયંકી વ્યાસ, મેઘા ભટ્ટ, અવનિ ધધાનીયાએ મહત્વનો ફાળો આપ્યો હતો.

માનવ સંબંધો અને વ્યવસ્થાપન

ચર્ચાસભા

હર્ષદ પ્ર. શાહ

એક ચિંતકના સુંદર વાકયથી આ સુંદર વિષયના ચિંતનનો આરંભ કરીએ- 'સંપૂર્ણ વિશ્વાસ રાખે એ જ વ્યક્તિ સંપૂર્ણ વફાદારીની અપેક્ષા રાખી શકે.'

અત્યારના આપણા જીવનકાળમાં માનવ-માનવ વચ્ચેના સંબંધોમાં 'વિશ્વાસ' નામના તત્વનો એ હદે ક્ષય થયેલો દેખાય છે કે જાણે સમસ્ત માનવજાત 'શંકા' નામની ભયાનક વ્યાધિથી પીડાઈ રહી છે.

પારસ્પરિક વિશ્વાસ ન હોવાને કારણે- વિશ્વાસઘાતની ઘટનાઓ વધી છે.

કાયદા અને ન્યાયતંત્રની અત્યધિક આવશ્યકતા નિર્માણ થઈ છે. પરિણામે સજા, વૈમનસ્ય અને બીજી અસંખ્ય વિકૃતિઓનું પ્રમાણ ખૂબ વધ્યું છે.

મેં મારા જીવનમાં મહદંશે આ વાતને વ્યવહારમાં મૂકવાનો પ્રયત્ન કર્યો છે. તેથી થોડા કડવા અને ખટમીઠા અનુભવો પણ થયા છે. પણ તેથી અનેકગણા સારા-સુખદ અનુભવો થયા છે અને તેને કારણે હું એવા નિષ્કર્ષ પર આવ્યો છું કે જો માનવ-માનવ વચ્ચે વિશ્વાસનું સામ્રાજય પ્રવર્તે તો સૌહાર્દ, પ્રેમ, સમન્વય અને મૈત્રી જેવા શબ્દોનો સાચો અર્થ અને ભાવ પામવાના આપણે અધિકારી બની શકીએ.

માનવ-માનવ વચ્ચે હોવી જોઈએ એવી બીજી મહત્વની બાબત છે. 'સમજણ' અને સમજણ 'સંવાદ'થી જન્મે. વધુ પડતું બોલવું એ સંવાદ નથી. ઓછા શબ્દોમાં પણ ઘણું સરસ કહી શકાય.

દોસ્તોવેસ્કી નામના રશિયન ચિંતક કહે છેઃ શબ્દો કરતાં વર્તન વધુ અસરકારક બની જાય છે. મૌનથી જ સંવાદ થઈ જાય તે સર્વોત્તમ સંબંધ કહી શકાય.

આપણે રહીએ છીએ તે વિશ્વમાં પ્રત્યેક કદમ પર કોઈને કોઈ પ્રકારની વ્યવસ્થાઓ છે. વ્યસ્થાઓ વિનાનું જીવન અસ્તવ્યસ્ત, સ્વચ્છંદી અને અનુશાસનહીન બની જાય. આવી વ્યવસ્થાઓ દરેક તંત્રમાં બને, આવશ્યકતા મુજબ એમાં વખતો-વખત પરિવર્તન અને સંશોધન થતું રહે, એમાં જડતા ન પ્રવેશે અને એમાં લચીલાપણું રહેએ આવશ્યક છે. લચીલાપણાને અર્થ એ નથી કે દરેક તબક્કે, વાત-વાતમાં, જરૂર ન હોય તોય કામમાંથી છૂટ લઈ લેવી અને કામચોરી કરવી. પણ, એની ન્યાયિકતા કેવી રીતે નિશ્ચિત થાય?... અને, તેથી જ અહીં ફરી 'વિશ્વાસ' અને 'સમજણ' નામનાં તત્વોમાં 'વિવેક' નામનું તત્વ પણ ઉમેરવું અનિવાર્ય છે.

માનવજાતના સુચારુ જીવનવ્યવહારનું નિર્વહન કરવા માટે વ્યવસ્થાપન આવશ્યક છે. અહીં એક વાત સારી રીતે સમજવી જોઈએ કે માણસની સુખાકારી માટે વ્યવસ્થાપન છે, વ્યવસ્થાપન માટે માણસ નથી. અને માટે જ અહીં નિયમ અને અનુશાસનના આગ્રહ સાથે વિશ્વાસ, સમજણ અને વિવેકના સ્થાપનની વાત કરી છે.

ઘણી ઓફિસોમાં બોસ, સર કે સાહેબ હોય છે, મિત્ર, વડીલ કે માર્ગદર્શક નહીં. બોસીઝમથી, મેમો દ્વારા કે ઠપકો આપીને ભયસૂચક સિગ્નલો અને સાયરન સાથે તંત્રની ગાડી દોડતી હોય છે. સતત ભય અને ટેન્શન સાથે કામ થતું હોય ત્યાં ભૂલો પણ એટલી જ થવાની. કામ કરનારાઓનાં મન ડહોળાયેલાં કે કચવાયેલાં હોય એની નીપજ કેવી હોય? જેમ નાનું બાળક ભયપૂર્ણ વાતાવરણમાં ખીલી કે વિકસી શકતું નથી તેમ મોટા માણસો પણ ભયયુક્ત વાતાવરણમાં પ્રોત્સાહક પરિણામો આપી શકતા નથી.

આવું બીજું દૂષણ પ્રલોભન છે. કેટલાય માણસો પ્રલોભન આપીને કામ કરાવતા હોય છે. આવી સ્થિતિમાં કામ કરનારાઓની મનઃસ્થિતિ બગડે છે. કંઈક વધારાનું મળે કે પ્રલોભન મળે તો કામ કરવું, અન્યથા નહીં. આવી સ્થિતિ પણ સારી નથી. પ્રલોભન આપીને સારાં કામો લાંબા ગાળા સુધી કરાવી શકાતાં નથી. આમાંથી જ ભ્રષ્ટાચાર જન્મે છે અને શ્રેષ્ઠાચાર નષ્ટ પામે છે. અણહકનું અને અણછાજતું લેવા-આપવાની પ્રક્રિયા ભયંકર નુકસાન કરનારી છે એ સમજવું જ રહ્યું.

આમ, ભય અને પ્રલોભન એ બે પરિબળોથી કામ કરાવી લેવાનો શોર્ટકટ સરવાળે મોંઘો પડે છે.

ત્રીજી અને સાચી રીત છે કાર્યકર્તાને તત્વ કે વિચાર સાથે જોડવાની. જે કામ કરવાનું હોય તેની યોગ્ય ભૂમિકા અને સમજણ આપવામાં આવે, સમયાંતરે એની પૂછપરછ કરવામાં આવે અને કામ ધીમું થતું હોય, બરાબર ન થતું હોય અથવા ન થતું હોય તો ઠપકાને બદલે માર્ગદર્શન અને હૂંફ આપવામાં આવે તો કામ બરાબર ચાલશે.

પ્રબંધન અને વ્યવસ્થાપન એક કળા છે. એમાં પ્રબંધકની ગતિ, મતિ, ધૃતિ (ધૈર્ય) અને કૃતિ એ ચારેયની કસોટી થાય છે. પ્રબંધક માનસિક રીતે જેટલો સ્વસ્થ એટલા કાર્યકર્તા પણ સ્વસ્થ રહેશે.

માટે, કર્મચારીઓને કાર્યકર્તા બનાવવાની પહેલ પ્રબંધકે કરવી જોઈએ. એમને સાથે લઈને ચાલવાથી કામ ગતિમાન બને છે. કાર્યકર્તાઓ માટે પ્રબંધક એક ડગલું જ આગળ રેહેવો જોઈએ જેથી સંપર્ક સરળ બને. પ્રબંધક પારિવારિક વાતારવણ જો સર્જી શકે અને પરિવારના વડા જેવી ભૂમિકા ઉત્પન્ન કરી શકે તો ગાડી કયાંક બ્રેકડાઉન ન થાય.

ઉત્તમ પ્રબંધન કે વ્યવસ્થાપન માટે પ્રબંધકે નીચે દર્શાવેલી કેટલીક વાતો ધ્યાનમાં રાખવા જેવી છે-

(૧) અભિમાન કે અહંકાર નિર્મૂલન કરવું.

માનવીની અંદર સમાઈ રહે તે સ્વાભિમાન, અને બહાર છલકાય તે અભિમાન.

અભિમાનથી માણસ ફુલાઈ શકે છે, પણ ફેલાઈ શકતો નથી. વિકાસ આડેનો મોટો બમ્પ- અવરોધ એટલે અહંકાર.

(૨) કાર્યકર્તાની રુચિ, પ્રકૃતિ અને શક્તિ પ્રમાણેનું કામ એને સોપવું.

(૩) કાર્ય કરવા માટે જરૂરી પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડતા રહેવું .

(૪) કાર્યનો યશ વહેંચવો અને અપયશ માથે ચડાવવો.

(૫) શ્રવણક્ષમતા વિકસાવવી. કાર્યકર્તાને સારી રીતે સાંભળવો અને સમજવો.

(૬) કાર્યકર્તા નિરાશ ન થાય તેની ચિંતા કરવી.

(૭) પ્રબંધકે જરૂર પડયે પોતાની નિર્ણયક્ષમતા, બુદ્ધિશક્તિ અને સાહસનો પરિચય કરાવવો જોઈએ.

(૮) કાર્યકર્તાને બંધુ એક સાથે ન સમજાવી દેવું.... અર્થાત્ **Spoon feeding** ન કરવું. એને મૌલિક રીતે કામ કરવા દેવું અને અપેક્ષિત પરિણામ સુધી પહોંચાડવો.

(૯) કાર્યકર્તાના કોઈ દોષની ચર્ચા જાહેરમાં ન કરવી પણ ગુણની ચર્ચા યથાયોગ્ય પ્રમાણમાં જરૂર કરવી.

(૧૦) કદી પક્ષપાતી વલણ ન રાખવું. સમન્વય અને સહિષ્ણુતાથી જ ચમત્કારિક પરિણામો મેળવી શકાશે.

(૧૧) ગીતામાં શ્રી કૃષ્ણે પ્રબોધેલા 'યોગઃ કર્મસુ કૌશલમ' નો આદર્શ પ્રબંધકે સર્વપ્રથમ સ્થાપિત કરવો જોઈએ.

(૧૨) પ્રબંધકે એ યાદ રાખવું જોઈએ કે જવાબદારી સોંપ્યા વિના નેતૃત્વ વિકસતું નથી. એણે હંમેશાં **Second line-** એના અનુગામી તૈયાર રાખવા જોઈએ.

(૧૩) પ્રબંધકે સમયસૂચકતાનો ગુણ વિકસાવવો જોઈએ.

(૧૪) નેતૃત્વની સફળતા પ્રશાસનમાં નહીં, અનુશાસનમાં છે.

(૧૫) નેતૃત્વના વિકાસ માટેની ઈષ્ટ પ્રક્રિયા-

પેનથી નહીં, પ્રેમથી
હોઠથી નહીં, હૈયાથી
અક્ષરથી નહીં, અંતરથી
શબ્દોથી નહીં, સ્નેહથી
આદેશથી નહીં, મનના સંદેશથી

(૧૬) પ્રબંધકે પોતાનું વ્યક્તિત્વ સર્વસ્વીકૃત અને સર્વસમાવેશક ઘડવાનો સતત પ્રયાસ કરવો જોઈએ.

(૧૭) કેટલાક લોકો એકલા પડી જાય છે, કારણ કે તેઓ સેતુને બદલે દીવાલો ચણે છે. સ્નેહનો સેતુ સર્જવામાં જ સાર્થકતા છે.

(૧૮) પ્રબંધકનું પોતાનું દર્શન **(Vision)** સ્પષ્ટ હોવું જોઈએ. જોનાથન સ્વીફ્ટ નામના ચિંતકે કહ્યું છે-

Vision is the art of Seeing what is invisible to others.

બીજા એક ચિંતકનું વાકય પણ સરસ છે-

Leadership is the capacity to trasform vision into reality.

(૧૯) 'સ્વ'ની નહીં, સર્વની ચિંતા કરવી.

(૨૦) બીજાને સહયોગ કરવાથી જ એમને સહયોગી બનાવી શકાય.

(૨૧) ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે જેમ અર્જુનને કહ્યું છે- યોગ ક્ષેમં વહામ્યહમ । હું તારા યોગ-ક્ષેમની ચિંતા કરીશ. એમ જો પ્રબંધક પોતાના સાથી કાર્યકર્તાઓનાં સુખ-દુઃખમાં સહભાગી થાય તો કાર્યકર્તા સલામતી અનુભવે છે.

(૨૨) સમાનતાનો ભાવ નહીં, આત્મીયતાનો ભાવ અપેક્ષિત છે.

(૨૩) ખૂબ સારાં પરિણામો માટે સારી ટીમ બનાવવી જરૂરી છે... અને સારી ટીમ બનાવવા માટે પ્રબંધક નીચેનાં સોપાનો મુજબ ક્રમબદ્ધ કાર્ય કરે એ પણ જરૂરી છે-

ચિંતન- ચર્ચા- નિર્ણય - આયોજન - ક્રિયાન્વયન- અનુવર્તી પ્રયાસો **(Follow-up)** - પરિણામ- સમીક્ષા. આવી અષ્ટપદીને અમલમાં મૂકવાથી ઘણા સારાં પરિણામો મળી શકે.

(૨૪) કાર્યની સમગ્રતાને અનુલક્ષીને કાર્યનું યોગ્ય વિભાજન અને વિકેન્દ્રીકરણ કરવું જોઈએ.

(૨૫) કાર્યકર્તાનું મન ન તૂટે એની કાળજી રાખવી .

(૨૬) કાર્યકર્તા લઘુતાગ્રંથિમાં સરી પડે એવો વ્યવહાર ન કરવો.

કુશળ પ્રબંધક કુશળ સંગઠક હોય છે. પોતાના હસમુખા ચહેરાથી અને હળવી કાર્યશૈલીથી એ કાર્યકર્તાઓનાં મન જીતી શકે છે. એક સરસ ઉક્તિ છે -

Smile is a cooling system of heart,
- sparking system of eyes,
- lighting system of face,
- relaxing system of mind.

આવું બીજું પણ એક મહત્વપૂર્ણ કથન છે-

Soft speech, pure heart, peaceful eyes, strenghful hands, focused mind and determined decision always make you a winner of life.

પરિસ્થિતિઓને પોતાને અનુકૂળ બનાવવી એનું નામ જ પુરુષાર્થ!

ચાલો, આપણે પણ આવા જ પ્રખર પુરુષાર્થી કાર્યકર્તા બનીએ અને જીવનના મહાસમરમાં વિજયી નીવડીએ.